ગાંધીનગર સમાચાર

પરચૂરણની તંગી હળવી કરવા
બેંક ઓફ બરોડાનો કોઈન-મેલા

# પોલીસના કેમેરાએ તો મારું ઘર સળગાવ્યુ...!

**પ્રેમીકાને બાઈક પાછળ બેસાડીને એફીસના બહાને પતિ ફરતો હતો અને હલ્મેટ વગર કેમેરામાં આવી જતાં પ્રેમીકા સાથેનો ફોટો ઘરે પહોંચી ગયો : ઈ ચલણ ઘરે આવતા પત્નિએ છુટાછેડા માટે અરજી કરી**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર પોલીસે ટ્રાફીકના નિયમોનું પાલન કરાવવા તથા ગુનેગારો પકડવા શહેરના મુખ્ય માર્ગો તથા પ્રવેશદ્વારો પર સીસીટીવી કેમેરા લગાવી સતત મોનીટરીંગ થાય તે માટે ટીમો બેસાડી દીધી છે. હેલ્મેટ-સીટ બેલ્ટ વગર જતાં વાહન ચાલકોનો કેમેરા મારફતે ફોટો પાડી તેમના ઘરે ઈ ચલણ મોકલવામાં આવી રહ્યા છે. આવું જ એક ઈ-ચલણ ગાંધીનગર નજીકના એક ગામમાં એક પરણિત યુવાનના ઘરે ગયું ને તેના સંસારમાં આગ લાગી ગઈ..! પત્નિને ઓફિસે જતો હોવાનું કહીને પતિ પ્રેમીકાને બાઈક પર બેસાડી ફરવા લઈ ગયો હતો અને હેલ્મેટ વગર નીકળ્યો હોવાથી તેનો ફોટો પડી ગયો ને દંડની પાવતી સાથેનું ઈ ચલણ પ્રેમિકાના ફોટા સાથે ઘરે પહોંચી ગયું હતું. પત્નિએ હવે પતિ સાથે ન રહેવાનો નિર્ણય કરી લીધો ને છુટાછેડા માટેની અરજી પણ કરી દીધી...! બોલો.. આ ચલણ કેટલું મોંઘુ પડયું?

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરથી થોડે જ દુર આવેલા એક ગામમાં બનેલો આ કિસ્સો છે. ગામમાં રહેતો પરિણીત યુવાન ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને ઓફીસ જવાનું કહી ને ઘરેથી આ યુવાન પ્રેમીકાને લઈને બાઈક પર ફરવા લઈ ગયો...! અને ગાંધીનગર શહેરના માર્ગ પરથી પસાર થયો. તેણે હેલ્મેટ પહેર્યું ન હતું. આ હેલ્મેટ ન પહેરવું તેને કેટલું મોંઘુ પડશે તે અંદાજ પણ નહીં હોય. થોડા દિવસો બાદ તેના ઘરે ઈ ચલણ આવ્યું અને તેના નશીબ કાઠાં કે ઈ ચલણ સીધું તેની પત્નિ પાસે જ આવ્યું. ચલણ શું કહેવાય તે કદાચ પત્નિને ખબર ન હતી પરંતુ તેમાં છપાયેલો એક ફોટો જોયો તો તેણીનો પતિ અને તેની પાછળ કોઈ યુવતી એટલે કે તેની પ્રેમિકા બેઠેલી હતી. નીચે સમય અને તારીખ પણ લખેલી હતી અને જગ્યા પણ...! પત્નિ એ સીધો જ પતિને ફોન કર્યો ને પુછયું કે તમે આ દિવસે કયાં હતા? તો પતિએ કીધું કે હું તો આખો દિવસ ઓફીસમાં જ હતો. બીજી વાર પુછયું કે સાચે ઓફીસ હતા? તમે કયાંય બહાર ગયા ન હતા? પતિએ ભારપૂર્વક કહ્યું કે હા હું ઓફીસની બહાર નીકળતો જ નથી. પંદર દિવસથી કામ જ એટલું હોય છે કે ઘરથી ઓફીસ અને ઓફીસથી ઘર જ કરવું પડે છે! પતિને ઘરે બોલાવી ઈ ચલણ પકડાવી દીધું અને પત્નિએ ફોટો બતાવી કંઈ જ પ્રશ્ન કર્યા વગર પિયરનો રસ્તો પકડયો ને હવે છુટાછેડા લેવા માટે પણ અરજી કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે! હવે પરિણિત યુવાન માથુ પકડીને કહે છે કે આ પોલીસના કેમેરા એ તો મારું ઘર સળગાવ્યું...!

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૩ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● શિવરંજની સંસ્થા દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે સ્વરોત્સવ ૨૦૧૬ કાર્યક્રમ અંતર્ગત પદ્મશ્રી ભીખુદાન ગઢવી દ્વારા લોકડાયરો પ્રસ્તુત કરાશે.

● શ્રી મોઢેશ્વરી માતંગી માતાજી મંદિરના દ્વિતીય પાટોત્સવ નિમિત્તે રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન મોઢેશ્વરી ભવન પેથાપુર ખાતે ગાયક કલાકાર રમેશભાઈ પ્રજાપતિના કંઠે રાસ ગરબા ગવાશે. આ ઉપરાંત રાત્રે ૧૨ કલાકે આતશબાજી યોજાશે.

## આગામી પહેલી જુલાઈથી નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

દિવ્યજીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧થી ૧૦ જુલાઈ સુધી સેકટર-૧ શ્રી ગાયત્રી શકિતપીઠ ખાતે સવારે ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન અને યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારિરીક-માનસિક આરોગ્ય વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે. વધુ માહિતી મેળવવા માટે મો.નં. ૯૮૨૪૦૫૫૧૮૭ ઉપર સંપર્ક કરવા ઉપપ્રમુખ અશ્વિનભાઈ દવેએ જણાવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળીના સભ્યો જોગ

ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળીના સર્વે સભાસદ મિત્રોને ડીવીડન્ડ પેટે ભેટ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. સભ્યોએ શેર સર્ટીફીકેટ લઈ પાટનગર યોજના ભવન સેકટર-૧૬ ખાદી મંદિર ખાતેથી પોતાની ભેટ મેળવી લેવા ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળીના ચેરમેન અશ્વિનભાઈ બારોટ તથા સર્વે ડિરેકટર મિત્રોએ જણાવ્યું છે. શેર સર્ટીફીકેટ ફરજીયાત સાથે લાવવાનું રહેશે.

## શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી ગાંધીનગર દ્વારા ધો-૧ થી ૯ અને ધોરણ-૧૦થી ૧૩ના ૭૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવનાર ગાંધીનગર શહેરીજન સંસ્થાના આજીવન સભ્યોના બાળકોને સન્માનવામાં આવનાર છે. પ્રથમ ક્રમાંકને રૂ. ૨૦૦, દ્વિતિયને રૂ.૧૫૦ અને બાકીના તમામ વિદ્યાર્થીઓને રૂ.૧૦૦ તથા નોટબુક, બોલપેન, સન્માનપત્રનું તથા ચોકલેટ-આઈસ્કીમનું વિતરણ કરવામાં આવશે. જે કોઈએ માર્કશીટ મોકલી ના હોય તો તા. ૫મી જુલાઈ સુધીમાં પ્રતિનિધિ અથવા પદાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. સન્માન સમારંભની તારીખ હવે જાહેર કરાશે.

# પરચૂરણની તંગી હળવી કરવા બેંક ઓફ બરોડાનો કોઈન-મેલા

ગાંધીનગર, તા.૨૮

અત્યારે માર્કેટમાં ચોતરફ પરચૂરણની તંગી વર્તાય છે, મોટાભાગના વ્યવહારમાં છુટા પૈસાની જરૂર પડતી હોય છે ત્યારે પરચૂરણની તંગીના કારણે વાહન વ્યવહારથી માંડીને કરિયાણાની દુકાન કે ચાની કિટલી સુધી રકઝકના બનાવો જોવા મળે છે. બેંક ઓફ બરોડાની સેકટર-૧૧ વિધાનસભા શાખા દ્વારા તાજેતરમાં પરચૂરણની અછતને હળવી કરવાના હેતુથી કોઈન મેલાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોઈન મેલામાં ૧૦, ૫, ૨, તથા




૧ રૂપિયાના ચલણી સિક્કાઓનું જાહેર જનતાને વિનિમય દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

ડગલે ને પગલે પરચૂરણની જરૂર પડે છે. અનેક દુકાનોમાં તો રીતસર બોર્ડ લગાડેલા હોય છે કે પૈસા છુટ્ટા આપો. ઝેરોકસની દુકાન હોય કે પાનનો ગલ્લો, દવાની દુકાન હોય કે દૂધનું પાર્લર તમામ સ્થળે દરરોજ છુટ્ટા પૈસા માટે થતી નાની મોટી મગજમારીઓ જોવા મળે છે.આ સંજોગોમાં બેંક ઓફ બરોડા દ્વારા કોઈન મેલા યોજીને બજારમાં પરચૂરણની અછત હળવી થાય તે માટે પ્રયાસ હાથ ધરાયો હતો. કોઈન મેલામાં કુલ ૮૯ ગ્રાહકોએ-લાભાર્થીઓએ લાભ લીધો હતો અને કુલ રૂ. ૬૫ હજારના ચલણી સિક્કાઓનું બેંકના કર્મચારી અરૂણ શર્મા દ્વારા ઉત્સાહભેર વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં શાખાના ચીફ મેનેજર પ્રસન્નકુમાર શિશિરના માર્ગર્શન હેઠળ કરન્સી ચેસ્ટ ઓફિસર જયેશ ત્રિવેદી દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. શહેરના નગરજનોએ આ કોઈન મેળામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ હર્ષની લાગણી વ્યકત કરી હતી.



**આ છે સ્માર્ટ સીટીનું બસ સ્ટેન્ડ...!!!**

આગામી સમયમાં અબજો રૂપિયાના ખર્ચે ગાંધીનગર 'સ્માર્ટ સીટી' બનવા જઈ રહ્યું છે. શહેરનો કાયાકલ્પ કરાઈ રહ્યો છે પરંતુ હજુ પણ અનેક ઠેકાણે સરકારી નિભંર તંત્રના અણઘડ વહીવટના કારણે અબજો રૂપિયાના આંધણ 'દળી દળીને ઢાંકણીમાં' જ જઈ રહ્યાં છે. સેકટર-૨૫નું આ જુનું બસ સ્ટેન્ડ આ બાબતનો જીવતો જાગતો સબૂત છે. વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન દુનિયાને બતાડવામાં આવેલા ગાંધીનગરના સુંદર ચહેરા પરથી ઝડપથી મેકઅપ ઉતરી રહ્યો છે અને નગરજનોને તંત્રની અસલી શકલ નજરે ચઢી રહી છે. દર વખતે સર્જાતી આ પ્રકારની પરિસ્થિતિ જોયા પછી પ્રજાને નેતાઓના 'સ્માર્ટ' દાવાઓ પર કયાંથી વિશ્વાસ આવે?

# સે-૨૧માં વેપારીને ત્યાં સોફટવેર કંપનીનો દરોડો

**કંપનીના લાયસન્સ વગર શ્રી લીપી સોફટવેર ઈન્સ્ટોલ કરતા વેપારીની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૮

ઈસ્ટ મુંબઈમાં સ્થિત મોડયુલર ઈન્ફોટેક પ્રા. લી. નામની શ્રી લીપી સોફટવેર બનાવતી કંપનીના અધિકારી હીરાલાલ કનૈયાલાલ ઠંઠેરાએ આજે બપોરે ગાંધીનગર શહેરના સે-૨૧માં દરોડો પાડયો હતો. સે-૨૧માં સ્થિત ગુજરાત પેઈન્ટ સોલ્યુશન નામની દુકાનમાં દરોડો પાડી તપાસ કરતા શ્રી લીપી સોફટવેર કંપનીના લાયસન્સ લીધા સિવાય ઈન્સ્ટોલ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. તેને આધારે સે-૨૨માં રહેતા વેપારી રોહીત ગણપતભાઈ સોની સામે કોપી રાઈટ એકટ હેઠળ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે બે કોમ્પ્યુટર જપ્ત કરી વેપારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● શહેરની મધ્યમાં આવેલ ઘ-૪ સર્કલે બનાવાયેલા ટ્રાફિક આર્યલેન્ડસમાં ખાડા ખોદવામાં આવ્યા છે. અગાઉ સરસ લોન અને ફુલોના છોડથી સુશોભિત આ આર્યલેન્ડસમાં હવે તંત્ર શું કરવા માંગે છે તે અંગે અહીંથી પસાર થતા વાહનચાલકો તર્ક વિતર્ક કરી રહ્યા છે.

● ચોમાસુ બેસવાની તૈયારીમાં છે પરંતુ શહેરના માર્ગો પર ગટરના ઢાંકણા અનેક ઠેકાણે બરાબર ફીટ બેસાડવામાં આવ્યા નથી. રોડ નં. ૩ પર અનેક ઢાંકણા વાહનચાલકો માટે જોખમરૂપ જણાઈ રહ્યા છે.

● સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે શહેરને સીસી ટીવી કેમેરાથી ઘેરી લેવામાં આવ્યું છે. જો કે મુખ્ય માર્ગો પર લગાડાયેલા આ કેમેરા હજુ ચાલુ નથી થયા પરંતુ તેને જોઈ ટુ વ્હીલર ચાલકો હેલ્મેટ પહેરતા અને કારચાલકો સીટ બેલ્ટ બાંધતા થઈ ગયા છે.

● ગાંધીનગર સમાચારના વરિષ્ઠ કટાર લેખક સુરેશભાઈ ભટ્ટના હૃદય પરની શસ્ત્રક્રિયા સુખરૂપે સંપન્ન થઈ છે. હવે તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવાતા તેઓ તેમના અમદાવાદ ખાતેના નિવાસસ્થાને આરામ કરવા રોકાયા છે.

● છેલ્લા ચાર પાંચ દિવસથી સવારથી જ વાતાવરણ વાદળછાયુ રહેતું હોવાથી અપડાઉન કરતા નોકરિયાતો પોતાની સાથે છત્રી-રેઈનકોટ લઈ જવા માંડયા છે. જો કે વરસાદ ના આવતા તેમને આ છત્રી-રેઈનકોટ બોજ સમાન ભાસી રહ્યા છે.



રોલબોલ રમતની ગાંધીનગરની ગર્લ્સ ટીમે તા. ૨૬મી જુને વડોદરા ખાતે યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ સ્થાન હાંસલ કર્યુ છે. દૃષ્ટિ, મૈત્રી, ખુશી અને વિધિની આ ટીમને ગાંધીનગર શહેરનું નામ રાજયકક્ષાએ રોશન કરવા બદલ તેમના કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા હતા.

# સે-૩ શાશ્વત હોસ્પિટલ સામે નજીવી બાબતે મારામારી

**ચાની કીટલી વાળાને ધોલધપાટ કરતા શખ્સને મારવા ટોળુ આવ્યું : શેરડીના સાંઠાથી ધોલાઈ : ગલ્લો ફેંકી વેર વીખેર કરી દેવાયો**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે સ્થિત શાશ્વત હોસ્પિટલની બાજુમાં ગઈ મોડી સાંજે ચાની કીટલીવાળાને કોઈ ગ્રાહકો આવીને બોલાચાલી કરી ધોલધપાટ કરી હતી. જેને પગલે મામલો બીચકયો હતો અને તેની તરફેણમાં એક ટોળુ આવી ગયું અને ત્યારબાદ તે શખ્સને પકડીને ટોળાએ ઢોર માર માર્યો હતો. આ મામલે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ ઘ-દોઢ પાસે શાશ્વત હોસ્પિટલને અડીને આવેલી ચાની કીટલી વાળા યુવાન પાસે ગઈ સાંજે એક શખ્સે ચા પીધા બાદ કોઈ બાબતે માથાકુટ થતા ધોલધપાટ કરી ચાની કીટલી (ગલ્લો) ફેંકી દઈ સામાન વેર વિખેર કરી નાંખ્યો હતો અને ગાળા ગાળી કરી મુકી હતી. અકળાઈ ઉઠેલ ચાની લારીવાળા ભરવાડ યુવાને તેના અન્ય ભરવાડ મિત્રોને ફોન કરીને બોલાવી લેતા આશરે ૨૦થી ૨૫ વ્યકિતઓનું ટોળુ આવી ગયું હતું અને બાજુમાં ઉભેલા શેરડીના કોલાવાળાને ત્યાંથી શેરડીના સાંઠા ઉઠાવીને તે યુવાનને ધોઈ નાંખવામાં આવ્યો હતો. ધમાલે મોટું સ્વરૂપ ધારણ કરતાં આસપાસના લારી ગલ્લા તથા દુકાનોના ટપોટપ શટર પડવા લાગ્યા હતા. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં ન આવી હોવાનું જાણવા મળ્યું છે.

# ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાશે

ટૂંક જ સમયમાં ભગવાન જગન્નાથજી સેકટરોમાં પરિભ્રમણ કરી નગરવાસીઓને આર્શીવાદ આપવા પધારશે. નગરના તમામ વસાહત મંડળો, વેપારી મંડળો અને મહિલા મંડળો આરતી, પુજન, પ્રસાદ અને પાણી સહિતની યોગ્ય વ્યવસ્થા પ્રતિ વર્ષ કરે છે. આ વર્ષે રથયાત્રાનું સ્વાગત કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, વેપારી મંડળ અને જયોતિ મહિલા મંડળે પ્રજાજનોને અનુરોધ કર્યો છે.

રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરશે. અને સેકટર-૨૨, ૧૭, ૧૬, ૧૫,૧૩, ૧૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૯, ૨૦, ૩૦ સહિતના સેકટરોથી બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૨૯ જલારામ મંદિરે (મોસાળે) પહોંચશે ત્યાં વિરામ અને ભોજન પ્રસાદી બપોરે ૩.૦૦ કલાકે કરવામાં આવશે. ત્યારબાદ સે-૨૯, ૨૮, ૨૭, ૧૪, ૧૩, ૨૨, ૨૧-શાકમાર્કેટ જિલ્લા પુસ્તકાલય થઈ પુનઃ પંચદેવ મંદિરે રથયાત્રા પરત ફરશે. સાંજે ૭.૦૦ કલાકે નિયત કરેલ માર્ગ ઉપર થઈ રથયાત્રા પરત ફરશે ત્યારે મહામંડળના પ્રમુખ અરુણ બુચ, કાલુભાઈ પટેલ, લતાબેન ચોકસી, રથયાત્રા સમિતિ વતી આચાર્યશ્રી ફૂલશંકર શાસ્ત્રી, ડૉ.દિનેશ કાપડિયા અને રજનીભાઈ શર્મા રથયાત્રાનું સ્વાગત કરવા ઉપસ્થિત રહેશે. રથયાત્રાનું સ્વાગત કરવા તમામ નગરજનોને હાજર રહેવા મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ દ્વારા અનુરોધ કરાયો છે.



ગાંધીનગરના સેકટર-૨૫ ખાતે સૂર્યનારાયણ સોસાયટીમાં મહિલા મંડળે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા દ્વારા ૩ દિવસની પારાયણનું આયોજન કર્યુ છે. આ પારાયણકથાનો લાભ લેવા મોટી સંખ્યામાં સેકટરની બહેનો તથા ભાવિક શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતાં.

# શહેરીજનોને રાત્રે પરેશાન કરતા વરસાદના છાંટા

**ઘનઘોર વાદળો છતાં સામાન્ય બુંદાબુંદી થકી વરસાદની સંતાકુકડી, ઘરમાં બફારો સહેવાતો નથી અને રાત્રીએ બહાર સુવાતું નથી**

ગાંધીનગર, તા.૨૮

સમય અને સંજોગો મુજબ ચોમાસાનો પ્રારંભ થઈ ચુકયો છે પરંતુ વરસાદ ન વરસતા લોકો અકળાઈ ઉઠયા છે. ઘટાટોપ વાદળોથી આકાશ ઢંકાઈ જાય છે પરંતુ મોડી રાત્રે સામાન્ય છાંટા પાડી વરસાદ અલોપ થઈ જતાં ભરપૂર અપેક્ષા મરી પરવારે છે. હાલમાં બફારાએ લોકોને બેહાલ કર્યા છે ત્યારે રાત્રી એ ઠંડકમાં બહાર સુવાની મજા માણતાં લોકોને વરસાદનું છાંટાપણું પરેશાન કરી રહ્યું છે. શહેરમાં અત્યાર સુધી એકાદ વરસાદી ઝાપટું અને રાત્રીએ બુંદાબુંદી સિવાય ચોમાસાનો અસલ મિજાજ જોવા મળ્યો નથી જેથી શહેરીજનોમાં અકળામણ વધી ગઈ છે.

રાજયના કેટલાક ભાગોમાં વરસાદનું આગમન થઈ ચુકયું છે જયારે પાટનગર સહિત અનેક વિસ્તારો હજુ કોરાધાકોર જ રહ્યા છે. વરસાદી પેટર્ન બદલાઈ હોય તેમ પાટનગરમાં થોડા દિવસ પહેલા થયેલ વરસાદી ઝાપટાં અમુક સેકટરો પુરતા મર્યાદિત જ રહ્યા હતા. સમી સાંજ થતાં જ ઘનઘોર વાદળો છવાઈ જાય છે જેનાથી શહેરીજનોને ભરપૂર વરસાદની આશા બંધાયછે. પરંતુ સામાન્ય છાંટા નાખી વરસાદ અદૃશ્ય થઈ જતાં લોકો નિરાશ થઈ જાય છે. દિવસભરના અસહ્ય ઉકળાટથી ત્રાસેલા શહેરીજનો ખુલ્લા આકાશ નીચે ઠંડક મેળવવા રાત્રે ધાબે કે બહાર સુવાનું રાખે છે ત્યારે જ અડધી રાત્રે વરસાદના છાંટા શરૂ થઈ જાય છે અને અડધી રાત્રે શહેરીજનો ઓઢવા પાથરવાના સંકેલીને ઘરમાં પુરાય છે ત્યારે ફકત છાંટાપણુ કરી વરસાદ બંધ થઈ જાય છે.

હવામાન વિભાગની આગાહી કે પછી જયોતિષાચાર્યોની આગાહી મુજબ વરસાદી વાતાવરણ ઉભું થાય છે પરંતુ વરસાદ મન મુકીને વરસતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં નદી,નાળા, કુવા, બોરમાં પાણીના તળ સાવ નીચે જતા રહ્યા છે અને ખેતીલાયક વરસાદ થતો નથી તો બીજી તરફ શહેરી વિસ્તારો પણ કોરા ધાકોર બન્યા છે. પાટનગરમાં અસંખ્ય વૃક્ષો સહિત બાગ બગીચા પણ પાણીના પોકાર કરી રહ્યા છે. ત્યારે સામાન્ય બુદાબુંદીનો વરસાદ લોકોને લલચાવી રહ્યો છે. વરસાદી છાંટાથી અકળાઈ ઉઠેલા લોકો હવે ધમાકેદાર વરસાદની અપેક્ષા સેવી રહ્યા છે પરંતુ કુદરતની લીલા અપરંપાર છે જેથી હવે વરસાદ સારા પ્રમાણમાં થાય તેવી સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યું છે.

# ઘ-૩ નજીક નાગરીક બેંક સામેથી સ્કુટરની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૩-સી પ્લોટ નં. ૫૮૨/૨ ખાતે રહેતા નિર્મેષભાઈ નવનીતભાઈ મેહરા બે દિવસ અગાઉ ૨૬ જૂને પોતાનું સ્કુટર નં. જીજે ૧૮જે ૫૬૫૩ લઈને ઘરેથી ઘ-૨ સર્કલ નજીક નાગરીક બેંક સામે ગયા હતા અને ત્યાં સ્કુટર પાર્ક કરીને પોતાનું કામ પતાવવા બહાર ગયા હતા. બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં તેઓ પરત ફર્યા તો તેમનું સ્કુટર ગાયબ હતું. પોતે આસપાસમાં શોધખોળ કરી પરંતુ સ્કુટર મળી ન આવતા સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ આપતા ચોરી અંગે ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રકાશ રણછોડભાઈ બાલાસરા, ઉ.વ. ૩૬